### પ્રાંતિજ શ્રી ઘનશ્યામ લાલાજીની હવેલી ખાતે

# શ્રાવણ-ભાદરવાનો આબેહૂબ હિંડોળા બનાવવામાં આવ્યો

**વૈષ્ણવ સમાજના ભાઇ-બહેનો એ હિંડોળાના દર્શનનો લાભ લીધો : મંદિર વ્યવસ્થાપકો તથા મહિલા મંડળ દ્વારા આબેહુબ હિંડોળા બનાવવામાં આવ્યો હતો**

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ શ્રી ઘનશ્યામ લાલાજી ની હવેલી ખાતે પવિત્ર અધિક-શ્રાવણ માસ માં દરવર્ષ ની જેમ આ વર્ષે પણ શ્રાવણ ભારદવા નો આબેહુબ હિંડોળા બનાવવામાં આવ્યાં હતાં જેમાં હરિભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. પ્રાંતિજ હનુમાન ચોક વિસ્તારમાં આવેલ શ્રી ઘનશ્યામ લાલાજીની હવેલી ખાતે આ વર્ષે પણ મંદિર ખાતે વિવિધ પ્રકારના હિંડોળા ભરવામાં આવ્યા હતાં જેમાં ફુલોનો હિંડોળો, ફળોનો હિંડોળો, સુકા મેવાનો હિંડોળો જેવા હિંડોળા બનાવવામાં આવ્યાં હતો તો દર વર્ષની જેમ આ વર્ષે પણ શ્રાવણ-ભાદરવાનો આબેહૂબ હિંડોળો બનાવ્યો હતો જેમાં આબેહૂબ મ્યુઝિક સંગીત લાઇટો સાથે હિંડોળો આસોપાલવના પાના સાથે આબેહૂબ સજાવવામાં આવ્યો હતો તો વૈષ્ણવ સમાજના ભાઈ બહેનો એ હરિભક્તો ઉપસ્થિત રહ્યાં હતાં અને દર્શન કરી ધન્યતા અનુભવી હતી તો મંદિર વ્યવસ્થાપકો તથા મહિલા મંડળ દ્વારા શ્રાવણ-ભાદરવા નો આબેહૂબ હિંડોળો બનાવવા મા આવ્યો હતો તો મંદિર ના સંકુલમાં ભજન કિર્તનનો કાર્યક્રમ પણ હરિભક્તો દ્વારા યોજાયો હતો.



### ઉંચી ફી વસુલતા ક્લાસીસમાં અભ્યાસ કરીએ તો મેડીકલમાં પ્રવેશની માન્યતા ખોટી ઠરી

# બાયડ ગામના મલાંણીયા વિસ્તારમાં રહેતા અભણ માવતરની દિકરી ડૉક્ટર બનશે

**હિંમતનગર સરકારી મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવ્યો : બાયડ ગામના ગરીબોના મહોલ્લામાં દિવાળી જેવો માહોલ**

બાયડ, તા.૦૬

મેડીકલમાં પ્રવેશ માટે નીટ ફરજીયાત કરવામાં આવી છે ત્યારે જિલ્લાના અનેક ધનિક પરિવારો પોતાના સંતાનોને ઉંચી ફી ભરીને અમદાવાદ, ગાંધીનગરના જાણીતા ક્લાસીસમાં અભ્યાસ કરાવે છે છતાં એમ.બી.બી.એસ.માં પ્રવેશ મળતો નથી ત્યારે બાયડના મલાંણીયા વિસ્તારમાં રહેતા અભણ વસાવા દંપત્તિની દિકરીએ હિંમતનગર સરકારી મેડીકલ કોલેજમાં પ્રવેશ મેળવી સૌને દંગ કરી દીધા છે. ફળીયાની દિકરીને મેડીકલમાં પ્રવેશ મળતાં મલાંણીયા વસાહતમાં દિવાળી જેવો માહોલ જોવા મળ્યો છે.



લક્ષ્ય નક્કી હોય તો અનેક અગવડતાઓમાં પણ ધારેલું પ્રાપ્ત થતું હોય છે. શિક્ષણનો વ્યાપ વધ્યા પછી ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો ઉચ્ચ શિક્ષણ મેળવી શકતાં નથી તેવું કહેવાતું હતું પરંતુ કેટલાક વિદ્યાર્થીઓએ રાત-દિવસ અભ્યાસમાં પરીશ્રમ કરી આવી વાતોનો છેદ ઉડાવી દીધો છે. બાયડ ગામના મલાંણીયા વસાહતમાં રહેતા અભણ દંપતિ રમેશ બાબુભાઈ વસાવા અને સવિતાબેન વસાવાના ૫ સંતાનો પૈકી સુશીલા વસાવાએ પોતાના મા-બાપની કાળી મજૂરીને જોયા પછી સારુ ભણતર મેળવવાનો મનોમન નિશ્ચય કર્યો. બાયડ હાઈસ્કુલમાં ધો.૧૦ બોર્ડ પરીક્ષામાં ૮૧ ટકા, ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ પરીક્ષામાં ૭૮ ટકા ગુણ મેળવ્યા પછી મેડીકલમાં પ્રવેશ માટેની નિટ પરીક્ષા આપી તેમાં કોઈપણ પ્રકારના કોચીંગ ક્લાસ વગર સ્થાનિક શિક્ષકોની હૂંફ અને માર્ગદર્શનના કારણે ૩૮૧ ગુણ મેળવી સૌને ચોંકાવી દીધા. તાજેતરમાં મેડીકલમાં પ્રવેશ માટેનું મેરીટ જાહેર થયું જેમાં સુશીલા વસાવાને હિંમતનગરની સરકારી મેડીકલ કોલેજમાં પ્રવેશ મળતાં બાયડ હાઈસ્કુલમાં મીઠાઈ વહેંચવામાં આવી હતી. જ્યારે

**આર્થિક સ્થિતિ ખરાબ, શિક્ષકોએ મદદ કરી**

બાયડ ગામના મલાંણિયા વસાહતમાં રહેતી સુશીલા વસાહતને મેડીકલમાં પ્રવેશ મેળવતાં સમગ્ર બાયડ તાલુકામાં ખુશાલી છવાઈ છે. એક તબક્કે ઘરની આર્થિક સ્થિતિ ખરાબ હોવાના કારણે એક તબક્કે શિક્ષણ છોડી દેવાની હતી પરંતુ હાઈસ્કુલના આચાર્ય અને અન્ય શિક્ષકોએ આર્થિક મદદ કરવાની સાથે તેને ધ્યેય સુધી પહોંચવામાં માર્ગદર્શન આપ્યાનું જાણવા મળ્યું છે.

**ઘરકામ સાથે ૪ કલાકની મહેનત રંગ લાવી**

મેડીકલમાં પ્રવેશ મેળવનારી સુશીલા વસાવાએ જણાવ્યું કે તે ઘરકામમાં મદદ કરવાની સાથે નિયમિત શાળાએ જતી અને સમય મળે ત્યારે ૪ થી ૫ કલાકનું વાંચન નિયમિત કરતી તેના કારણે તેને આ સિદ્ધિ મળી છે. સિદ્ધિના હક્કદાર પોતાના મા-બાપ અને ગુરુજનોને ગણાવ્યા હતા.

**વાલીઓ ઉંચી ફી વસુલતા કોચીંગ ક્લાસ ભૂલી જાય – આચાર્ય**

બાયડ હાઈસ્કુલના આચાર્ય સુનિલભાઈ કે. પટેલે જણાવ્યું કે અમારી શાળાની સુશીલા વસાવાને મેડીકલમાં પ્રવેશ મળતાં સમગ્ર શૈક્ષણિક સંકુલમાં દિવાળી જેવો માહોલ છે. આજે પણ અનેક લોકો પોતાના સંતાનને મેડીકલ અને આઈ.આઈ.ટી.માં મૂકવા માટે અમદાવાદ, વડોદરા, ગાંધીનગરના ઉંચી ફી વસુલતા કોચીંગ ક્લાસમાં મૂકતા હોય છે પરંતુ બાયડની શાળાઓમાં કોચીંગ ક્લાસ કરતાં પણ સારુ શિક્ષણ મળી રહ્યું છે તેનો લાભ લેવો જોઈએ.

વસાવા દંપતિને તો મેડીકલ ક્ષેત્ર શું તેની પણ સમજ નથી પરંતુ કહેવત છે કે દિકરી ભણે તો એક નહીં બે કુળ તારશે. બાયડની સુશીલા વસાવા તેનું ઉત્તમ દ્રષ્ટાંત બનવા જઈ રહી છે.

### તું મંદિર માંથી પૈસા લઈ જાય છે તેમ કહીને મારમાર્યો

# પ્રાંતિજના સાદોલીયાના ઈસમને મારમારતા પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના સાદોલીયા ગામના ઈસમને તું મંદિર માંથી પૈસા લઈ જાય છે તેમ કહી લાકડી વડે મારમારી બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા માણસા ના અનોડીયા ગામ ના ઈસમ વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા પોલીસ ફરિયાદ થઈ. પ્રાંતિજ ના સાદોલીયા ખાતે રહેતા મુકેશસિંહ અભુસિંહ મકવાણા કે જેવો સાબરમતી નદીના કિનારે આવેલ બાબરા વિર મંદિર માં દર્શન કરવા ગયેલ તે સમયે મંદિર માં હાજર પ્રહલાદસિંહ શંકરસિંહ રાઠોડ રહે અનોડીયા તા.માણસા, જિ.ગાંધીનગર દ્વારા તું મંદિર માંથી પૈસા લઈ જાય છે તુ મંદિર માંથી બહાર નિકળ તેમ કહી પ્રહલાદસિંહ એ મુકેશસિંહ ને મંદિર માંથી બહાર કાઢી મુકેલ અને મા-બહેન સામે બિભત્સ ગાળો-બોલી અને હાથમા લાકડી લઈ આવી જમણા પગ ના ભાગે મારી તથા કપાળ ના ભાગે મારતા લોહી નિકળુ હતુ અને પ્રહલાદસિંહ કહેલ કે આજ પછી જો મંદિર મા આવ્યો છે તો તને જાનથી મારી નાખીશ તો મુકેશસિંહ ને ઈજાઓ પહોચતા તેમના પુત્ર ને ખબર પડતા સારવાર અર્થે લઈ ગયો હતો અને સારવાર બાદ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે પ્રહલાદસિંહ શંકરસિંહ રાઠોડ રહે અનોડીયા તા.માણસા જિ.ગાંધીનગર વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરતા પ્રાંતિજ પોલીસે આઈપીસીકલમ ૩૨૩,૫૦૪,૫૦૬(૨) જી.પી.એકટ કલમ-૧૩૫ મુજબ ગુનોનોંધી આગળ ની તપાસ હાથ ધરી હતી.

# જિલ્લામાં ૧૮ વર્ષથી વધુ વયના આધારકાર્ડની અરજીમાં વેરીફીકેશન ફરજીયાત

**અરજીઓની તપાસ રેવન્યુ તલાટીને સોંપાઈ : બોગસ આધારકાર્ડની આશંકાથી વેરીફીકેશન જરુરી**

બાયડ, તા.૬

આધારકાર્ડ ઓળખનો મહત્વનો પુરાવો બની રહ્યો છે. સરકારી યોજના હોય કે બેંકને લગતા કામમાં આધારકાર્ડ ફરજીયાત છે પરંતુ બોગસ આધારકાર્ડની આશંકાને પગલે હવે ૧૮ વર્ષથી વધુ વયના આધારકાર્ડની અરજીમાં વેરીફીકેશન ફરજીયાત બન્યું છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં પણ આધારકાર્ડની અરજીનું હોમ વેરીફીકેશન ફરજીયાત કરવામાં આવ્યું છે. યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા બોગસ આધારકાર્ડ તૈયાર થયાની ફરિયાદોને ધ્યાનમાં રાખી નિયમોમાં સુધારો કરવામાં આવ્યો છે.

આધારકાર્ડની કામગીરીમાં નવો સુધારો કરવામાં આવ્યો છે જેમાં ૧૮ વર્ષથી વધુ ઉંમરના નવા આધારકાર્ડની અરજી ઉપર હોમ વેરીફીકેશન ફરજીયાત કરવામાં આવશે. જેમાં જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, વિજયનગર, ઈડર, હિંમતનગર, ખેડબ્રહ્મા, પોશીના, તલોદ અને વડાલી તાલુકામાં મામલતદાર પાસે આધારકાર્ડની અરજી પહોંચ્યા પછી રેવન્યુ તલાટી મારફતે હોમ વેરીફીકેશન દ્વારા તેની ખરાઈ કરવામાં આવશે અને આ વેરીફીકેશન પછી પોઝિટિવ કે નેગેટિવ રિપોર્ટ આપવામાં આવી રહ્યો છે. આગળની કાર્યવાહી પૂર્ણ થયા પછી આધારકાર્ડ ઈસ્યુ કરવા માટે સૂચના આપવામાં આવી છે. બોગસ આધારકાર્ડ તૈયાર થતાં અટકાવવા માટે આ નિર્ણય લેવાયો છે. યુનિક આઈડેન્ટીફીકેશન ઓથોરીટી ઓફ ઈન્ડીયા દ્વારા બોગસ આધારકાર્ડ તૈયાર થયાની ફરિયાદોને ધ્યાનમાં રાખી નિયમોમાં વધારાનો એક સુધારો કરવામાં આવ્યો જેના કારણે જિલ્લામાં આધારકાર્ડની નવી અરજીઓમાં ૧૮ વર્ષથી વધુ વયના આધારકાર્ડ માટે હોમ વેરીફીકેશન ફરજીયાત થયું છે. અરવલ્લી યુ.આઈ.ડી. શાખાના જણાવ્યા અનુસાર જિલ્લામાં ૧૮ વર્ષથી વધુ વયની આધારકાર્ડની ૧૭૨ અરજીઓ મળી હતી જેમાં ૧૩૯ અરજીઓ મંજૂર થયા પછી ૧૫૧ આધારકાર્ડનું વેરીફીકેશન થયું છે. જ્યારે હજુ ૨૧ અરજીઓ પેન્ડીંગ છે. બોગસ આધારકાર્ડ તૈયાર થતાં હોવાની આશંકાના કારણે યુ.આઈ.ડી. શાખા દ્વારા હવે હોમ વેરીફીકેશન ફરજીયાત કરવામાં આવ્યું હોવાનું જણાવ્યું હતું.

# બાયડના લાખેશ્વરી વિસ્તારમાં વરસાદી પાણી ઓસરતાં નથી, રોગચાળાનું સંકટ

**૧૫થી વધુ પરિવારોએ પાણી ભરાતાં હિજરત કરી**





બાયડ, તા.૬

બાયડના લાખેશ્વરી વિસ્તારમાં બીજા રાઉન્ડના ભારે વરસાદ પછી પાણી ભરાયાં હતાં જે ૧૫ દિવસ પછી પણ ઓસર્યાં નથી જેના કારણે રોગચાળાનું સંકટ હાવિ થયું છે. વરસાદી પાણીનો નિકાલ ન થતાં ૧૫ થી વધુ પરિવારોએ હિજરત કરીને અન્ય સ્થળે રહેવા જવાની નોબત આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર આ વર્ષે વરસાદે અનેક વિસ્તારોમાં અપાર હેત વરસાવ્યા પછી ખુશાલીની સાથે હવે કેટલાંક ગરીબ પરિવારોને દુખી કરે તેવા દ્રશ્યો પણ જોવા મળ્યાં છે. ગત જુલાઈમાં બીજા રાઉન્ડના અતિભારે વરસાદમાં બાયડ તાલુકાના ઉપરવાસમાં વરસેલા ૬ થી ૯ ઈંચ જેટલા વરસાદના કારણે રામનું તળાવ ઓવરફ્લો થયા પછી લાખેશ્વરી વિસ્તારમાં વરસાદી પાણી ઘૂસ્યાં હતાં અને એકાદ-બે દિવસમાં પાણી ઓસરી જશે તેવી સંભાવના હતી પરંતુ વરસાદી પાણીએ કાયમી મુકામ કરતાં હવે આ વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો વકરવાની સાથે પ્રજાને ઘરમાં રહેવું મુશ્કેલ બન્યું છે. કેટલાક દલિત સહિતના પરિવારોએ વરસાદી પાણી ભરાતાં બાળકો રોગચાળામાં ન પટકાય તે માટે હિજરત કરી અન્ય સ્થળે રહેવા ગયા છે. જ્યારે સ્થાનિક તંત્ર વરસાદી પાણીના નિકાલ કરવામાં નિરસ હોય તેવું ચિત્ર ઉપસ્યું છે. છેલ્લા ૨ દિવસથી વરસાદી પાણીનો નિકાલ ન થતાં આ વિસ્તારના રહીશોએ જાહેરમાં આક્રોશ વ્યક્ત કરવાની શરુઆત કરી છે.

# પ્રાંતિજ ખાતે મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરાઈ

**મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહી**

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય ગ્રામિણ આજીવિકા મિશન "નારી વંદન ઉત્સવ" નિમિત્તે ગ્રામ વિકાસ એજન્સી નિયામક પાટીદારની અધ્યક્ષતામાં મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાંતિજ ખાતે નારી વંદન કાર્યક્રમ ને લઈ ને મહિલાનો સ્વનિર્ભર બને તેમજ બેંક, ઉધોગિક ભાગીદારો અને કૌશલ્ય વિકાસનું શિક્ષણ આપતી સંસ્થાઓ એકરૂપ બની ગરીબી નિવારણ માટે સામુહિક પ્રયાસો કરે તે માટે 'મિશન મંગલમ" જેવી યોજના અમલી છે સ્વ સહાય જૂથોની મહિલાઓ નાના ઉધ્યોગો તથા ગૃહ ઉધ્યોગો કરી પોતાનું અને પરીવારના નિર્વાહનમાં આર્થિક રીતે મદદરૂપ બને તે માટે સ્વ સહાય જૂથોને લોનની સુવિધાઓ આપવામાં આવે છે તો આ કાર્યક્રમાં સામાજિક અને રાજકીય ક્ષેત્રે પ્રસિદ્ધ પામેલી મહિલાઓ તથા આર્થિક રીતે સ્વનિર્ભર બનેલી સખીમંડળની મહિલાઓને સન્માનિત કરવામાં આવી હતી તો આ પ્રસંગે તાલુકા પંચાયત પ્રમુખ વર્ષાબેન, ન્યાય સમિતિના ચેરમેન કવિતાબેન, તાલુકા વિકાસ અધિકારી, ડીએલએમ મિન્નત મન્સુરી તથા મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા.




# ઉજેડીયા ખાતે ઓમ શાંતિભવનમાં ૭૪માં વન મહોત્સવનો કાર્યક્રમ યોજાયો

તલોદ, ૬

તલોદના ઉજેડીયા ખાતે આવેલ ૐ શાંતિભવનમાં ૭૪માં વન મહોત્સવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો. આ કાર્યક્રમ માં દીપ પ્રાગટ્ય કરી અને બાલિકાઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરી આમંત્રિત મહેમાનો નું વૃક્ષ ના રોપા અને શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. વૃક્ષો ની જાળવણી વડે જ વૃક્ષારોપણ સફળ થાય, રોટી કપડાં મકાન સબકે દાતા, વન મહાન, વૃક્ષો થી થતાં જીવન માં ફાયદા વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી અને દરેકે એક વૃક્ષ નું રોપણ કરવું એવો સંકલ્પ કરવામાં આવ્યો હતો. આ વૃક્ષારોપણ માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ સાબરકાંઠા જિલ્લાના સરપંચો નું સન્માન કરવામાં આવ્યું હતું અને લાભાર્થીઓને ચેક વિતરણ કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે એસ ડી પટેલ નાયબ વન સંરક્ષક, ડો એ પી સિંહ મુખ્ય વન સંરક્ષક સામાજિક વનીકરણ ગુજરાત રાજ્ય, પૂર્વ મંત્રી અને ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમાર, જિલ્લા પ્રમુખ ધીરજભાઈ પટેલ, બાળ વિકાસ યોજના ના ચેરમેન રેખા બા ઝાલા, બી કે નેહા બેન દીદી ડાયરેકટર ૐ શાંતિ ભવન,વિરોધ પક્ષ ના નેતા પ્રભાતસિંહ સોલંકી, પ્રાંત અધિકારી એમ એન ડોડીયા, ઊજે દિયા સરપંચ ચીનું સિંહ ઝાલા, તલોદ આર એફ ઓ એમ આર માલમ, કેપ્ટન સિંહ ઝાલા, ડી એફ ઓ શ્રેયાંશ પટેલ તેમજ જિલ્લા સદસ્યો, તાલુકા સદસ્યો અને વન અધિકારીઓ હાજર રહ્યા હતા. ૐ શાંતિ ભવન માં આમંત્રિત અધિકારીઓ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.






તલોદ ખાતે હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર તલોદ ખાતે સંગીની ફોરમના પ્રમુખ દીપાબેનની આગેવાની હેઠળ હેલ્થ ચેકઅપનો કેમ્પ રાખવામાં આવ્યો. જેમાં સંગીની ફોરમની અને જૈન સમાજની મોટી સંખ્યામાં બહેનોએ હાજર રહીને બ્લડ ચેકઅપ સુગર ચેક અપ અને બી.પી. ચેકઅપ કરાવ્યું હતું. અને જરૂરી દવા પણ આપી હતી. સેવા આપનાર નીમિશાબેન ચૌધરી **A.N.M.** અને અનિલભાઈ સોલંકી **MPHW** (પ્રા. આ. કે. રોઝડ)નો ખૂબ ખૂબ આભાર અતિથિ વિશેષ તરીકે સાબરકાંઠા જીલ્લાના મહિલા મોરચાના મહામંત્રી લીનાબેન વ્યાસ ઉપસ્થિત રહ્યા હતા.

### ટામેટાંના ભાવ સાંભળી આંખોમાં બળતરા

# જિલ્લામાં ટામેટાંનો ભાવ ૧ કિલોગ્રામે રૂા. ૨૨૦ને પાર

**આવક ઘટતાં સપ્તાહના અંતે રૂ ૨૫૦ને પાર કરવાની ધારણા**

બાયડ, તા.૬



ટામેટાંની આવક રાજ્ય વ્યાપી ઘટી જતાં તેની દુરોગામી અસરો ભાવ વધારાના રુપમાં જોવા મળી રહી છે. સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના બજારોમાં અગાઉ રુ ૧૮૦થી ૨૦૦ના ભાવે મળતા ટામેટાનો ૧ કિલોગ્રામનો ભાવ રુ ૨૨૦ને પાર કરી જતાં ટામેટાંના ભાવ સાંભળી આંખોમાં બળતરા આવે તેવી સ્થિતિ પેદા થઈ છે. વેપારીનું માનીએ તો આવનારા દિવસોમાં શોર્ટ સપ્લાયના કારણે ભાવ વધવાની દહેશત વ્યક્ત થઈ છે. મળતી જાણકારી અનુસાર રાજ્ય સહિત અન્ય પરપ્રાંતિય વિસ્તારોમાં અતિભારે વરસાદના કારણે ટામેટા સહિતની શાકભાજીની આવક ઠપ્પ થવાની સાથે ઓછા ઉત્પાદનના કારણે પણ હવે પ્રજાએ શાકભાજીના ભાવમાં વધારાનો ડોઝ સહન કરવો પડશે. જ્યારે ટામેટાં વગર દાળ, શાક બેસ્વાદ બની જતું હોય છે પરંતુ જુલાઈ પછી ઑગષ્ટ મહિનામાં પણ ટામેટાંના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી છે. જિલ્લાના હિંમતનગર, ઈડર, મોડાસા, બાયડ, તલોદ, પ્રાંતિજ, વડાલી, ખેડબ્રહ્મા સહિતના અન્ય વિસ્તારોમાં શાકભાજીની લારીઓમાં ટામેટાં અદ્રશ્ય થઈ ગયા હોય તેવી સ્થિતિ છે અને હવે પડોશીઓ માગે તો પણ મહિલાઓ ટામેટાં મોંઘાં હોવાથી ન હોવાનો નન્નો ભણી રહ્યા છે. શાકભાજીના વેપારીઓનું માનીએ તો સાર્વત્રિક રીતે ટામેટાંની આવક ઘટી છે. જેથી આવનારા દિવસોમાં પણ ટામેટાંમાં ભાવ વધારો સંભવ બન્યો છે. કેટલાક વેપારીઓએ તો ઑગષ્ટના મધ્યાંતર પછી ટામેટો રુ ૩૦૦ની સપાટીને વટાવી જાય તેવી સંભાવના છે.